# શેરડીની સફેદમાખીની નિયંત્રણ વ્યવસ્થા

**ઓળખ :**

બચ્ચાં ફિકકા પીળા રંગના લંબગોળ આકારના ચપટા હોય છે અને તેની ફરતે મીણ જેવા પદાર્થની સફેદ કિનારી જોવા મળે છે. પુખ્ત કીટક ખુબજ ચપળ હોઈ સહેજ ખલેલ થતાં ઉડી જાય છે. માદા કીટકને સોય જેવું પાતળું અંડનિક્ષેપક હોય છે તેના વડે તે શેરડીના ટોચના પાન પર હારબંધ મલાઈ રંગના ઈંડા મૂકે છે. જે થોડા સમય પછી કાળાશ પડતો ચળકતો રંગ ધારણ કરે છે.

**નુકશાન :**


નુકસાન પામેલ પાન બચ્ચાં તથા કોશેટાથી છવાયેલું જોવા મળે છે. વધુ ઉપદ્રવથી પાન પર પીળા અને આછા લીલા રંગની પટ્ટીઓ જોવા મળે છે. આ કીટકના શરીરમાંથી મધ જેવો ચીકણો પદાર્થ ઝરે છે જે પાન પર પડતાં તેના પર કાળી ફૂગ વિકાસ પામે છે. જેથી વધુ ઉપદ્રવવાળા ખેતરમાં શેરડીના પાન કાળા પડી ગયેલા સ્પષ્ટ જોઈ શકાય છે.

**નિયંત્રણઃ**

જે ખેતરમાં પાણી ભરાઈ રહેતું હોય ત્યાં પાણીના નિકાલની પુરતી વ્યવસ્થા કરવી. નાઈટ્રોજન અને ફોસ્ફરસયુકત ખાતરોનો ભલામણ મુજબ સપ્રમાણસર જ ઉપયોગ કરવો. દક્ષિણ ગુજરાતમાં શેરડીની સફેદ માખી ઉપર નભતાં પરભક્ષીઓ પૈકી <u>સેરેન્જીયમ પારસેસીટોસમ</u> ખુબજ અસરકારક માલુમ પડેલ છે. પરજીવીઓમાં <u>એન્કાર્સિયા ઈસાકી</u> સૌથી વધુ અસરકારક માલુમ પડેલ છે. સફેદમાખીના જૈવિક–વ–યાંત્રિક નિયંત્રણ માટે પરજીવીની વૃધ્ધિ કરવા વિકસાવેલ પાંજરાનો ઉપયોગ કરવો. પાંજરાની બે બાજુએ ૪૦ મેશની જાળી લગાડેલી હોવાથી સફેદમાખીના કોશેટામાંથી નીકળતા પરજીવીઓ પાંજરાની બહાર જાળીમાંથી નીકળી શકશે. જયારે સફેદમાખીના પુખ્ત કીટકો પરજીવી કીટકો કરતાં કદમાં મોટા હોવાથી પાંજરાની બહાર નીકળી શકતા નથી અને પાંજરામાં જ મરી જશે. પાંજરામાં હવાની અવરજવર થઈ શકે તેટલી સંખ્યામાં સફેદમાખીના ભરાવદાર કોશેટાવાળા પાનના ટુકડા રાખવા. પાંજરાને જમીનથી બે થી ત્રણ ફુટની ઉંચાઈએ સુર્યનો સીધો તાપ ન લાગે તે રીતે રાખવા. સફેદમાખીનાં ઉપદ્રવને ધ્યાનમાં રાખીને હેકટર દીઠ પાંજરાની સંખ્યા ૧૦ થી ૨૦ રાખવી. પાંજરામાં ૧૫ થી ૨૦ દિવસે સફેદમાખીનાં ઉપદ્રવિત પાન બદલતા રહેવું. જે ખેતરમાં પરજીવીકરણની માત્રા વધારે હોય ત્યાંથી કોશેટાવાળા પાન લાવીને પાંજરામાં રાખવાથી સફેદમાખીની વસ્તીને ઝડપથી કાબુમાં લઈ શકાય છે. સફેદમાખીના ઉપદ્રવની શરૂઆત થાય ત્યારથી જ આ રીતે પાંજરાનો ઉપયોગ કરવાથી સફેદમાખીનું યાંત્રિક–વ–જૈવિક નિયંત્રણ કરી શકાય છે. શેરડીના ખેતરમાં સફેદમાખીના કોશેટાઓમાં ગોળ કાણાં જોવા મળે તે સફેદમાખીના પરજીવીની હાજરી સુચવે છે. જેથી જંતુનાશક દવાઓનો છંટકાવ મુલતવી રાખવો.

ચલથાણ સુગર ફેકટરી વિસ્તારના ખેતરોમાં સ્થળ મુલાકાત પરથી જાણી શકાયેલ છે કે હાલમાં પરજીવી કે પરભક્ષી સક્રિય રીતે કાર્યરત ન હોવાથી શેરડીની સફેદમાખીના નિયંત્રણ માટે વધુ ઉપદ્રવ હોય તો વધુ ઉપદ્રવવાળા નીચેના પાન તોડીને શકય હોય તેટલા પાન પાંજરામાં રાખી મીકેનીકલ નિયંત્રણ કરવું. વધુ ઉપદ્રવવાળા પાકમાં

ટ્રાયઝોફોસ ૪૦ ટકા ઈ.સી. ૧૨ મી.લી., એસીફેટ ૭૫ ટકા એસપી ૧૦ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

| | |
|---|---|
|  |  |
| **પરજીવીની વૃધ્ધિ કરવા માટેનું પાંજરુ** | **ઉપદ્રવિત શેરડીના પાન** |